રાજકોટના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. (મેઈન)સાહેબની કોર્ટમાં, મું.રાજકોટ.

**ફો.કે.નંબર: ૭૨૫૬/૨૦૧**
**આંક : ૮**

શ્રી સરકાર. ..................ફરીયાદી.

વિરુધ્ધ.

ઈમરાન સલીમભાઈ ઉમરેઠીયા ...............આરોપી.

**ગુન્હો :** પ્રોહી. એકટની કલમ ૬૬(૧)બી, ૬૫ એઈ મુજબ.

આ કામના આરોપી વિરુધ્ધ પ્રોહી. એકટની કલમ ૬૬(૧)બી, ૬૫ એઈ મુજબના ગુન્હાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. જે આરોપી હાજર થતાં સદરહું ગુન્હો કબુલ કરી પ્રથમ ગુન્હો હોવાનું તથા ગરીબ બાળ બચ્ચાવાળા માણસ હોવાનું જણાવે છે અને ભવિષ્યમાં આવો કે આવા પ્રકારનો ગુન્હો ન કરવાની કોર્ટને બાંયધરી અને ખાત્રી આપે છે. આરોપીને સજા અંગેની જોગવાઇની સમજ આપવામાં આવે છે. ત્યારબાદ પણ આરોપી સદર ગુન્હો કબુલ કરતા હોય આરોપીની કબુલાત સ્વૈચ્છિક જણાય આવે છે. તે ઉપરાંત કેસના સંજોગો ધ્યાને લેતાં અને સજાની જોગવાઇ અંગેના નામ. ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી સકસેના કેસમાં ૨૦૦૫ જી.એલ.આર. પાના નં.૭૦૯ ઉપર પ્રકાશિત ચુકાદાના માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાનમાં લેતાં તથા આરોપી પાસેથી કબજે કરાયેલ મુદ્દામાલનો પ્રકાર તથા જથ્થો ધ્યાને લેતા આરોપીને ઓછામાં ઓછી સજા કરવી ન્યાયોચિત જણાય છે. જેથી આરોપીને સુધરવાની તક મળે અને કેસના સંજોગોને ધ્યાનમાં લઈ ન્યાયના હિતમાં નીચે પ્રમાણેનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

આ કામના આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૫૨ મુજબ બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી, ૬૫ એઈ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતાં સુધીની સજા તથા રૂા.૫૦૦/– પુરા (અંકે રુપીયા ૫૦૦/– પુરા)નો દંડ અને દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન–.ર. ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

હુકમ આજ તા.૧૦/૨/૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**( આસીફ આબીદહુસૈન ખેરાદાવાલા )**
**કોડ નંબર જીજે૧૨૮૨**
જયુડી.મેજીસ્ટ્રેટ ફ.ક. (મેઈન),
રાજકોટ.